ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સૌની સાથે સંગત રહેવું
સારી વાતે સહમત રહેવું.

ચાહે માપે કાપે કોઈ,
ખુદની સાથે રંગત રહેવું.

સાગર સરવરને જાણીને ,
ચાતક ટીપે અવગત રહેવું.

દિલમાં કાયમ રહેવા માટે
નફરત નામે સદગત રહેવું.

માણસની આંખોને વાંચી,
સમજણમાં પારંગત રહેવું.

પથ્થર પોથી શ્રદ્ધા સૌની,
ઈશ્વર માટે અંગત રહેવું.

- રેખા જોષી

## પાથેય

- રમેશ ઠક્કર

# સમજણમાં પારંગત રહેવાનો સંકલ્પ...

અવતરણ દિવસ કોઈનો પણ હોય એનો આનંદ અનેરો હોય છે ગઈકાલે ગુજરાત રાજયનો સ્થાપના દિવસ હતો.આજે મારો જન્મદિવસ છે.આ પ્રસંગે શુભેચ્છાઓની અને આભારની આપલે સહજ હોય છે.નવા સંકલ્પો કે ભાવીનાં આયોજન જેવી બાબતો પણ મહત્વની ગણાય છે..વિતેલા સમયનાં લેખાંજોખાં થાય છે.આશાઓને સંજીવની છાંટી જીવંત બનાવાય છે..આશાવાદ એ જન્મદિવસનો સૌથી મોટો ઉપહાર ગણાય.જે લોકો સ્થગિત થઈ જાય એ કશું કરી શકતા નથી.સમય સતત ચાલે છે..એની અવિરત ખેપ આપણી સફર સાથે તાલમેલ સાધે ત્યારે જીવનનો લય પકડાતો હોય છે...

કેવા કેવા હોય છે સંકલ્પો ? ભાવિ આદર્શો..ભૌતિક તો ખરા જ પણ જીવનમૂલ્યોને ઘડે એવા મનસૂબાઓ બહુ મહત્વના બની જાય છે.દરેકની સાથે તાલમેલ સાધવો આસાન નથી.એ સાથે બધાની સાથે અનુકૂલન સાધી સંમત રહેવું એ તો મોટી વાત છે..ઈશ્વરે દરેકને અલગથી વિચારવાની શકિત આપી છે..આમછતાં એકબીજાના ભાવો સાથે ભાવનાત્મકતા જાળવવી એ જેવી તેવી વાત નથી. એ થાય તો અવતરણનો આનંદ અદકેરો બની જાય..લોકો આપણને એમના માપદંડ થકી માપતા રહે એથી દુઃખી થવાનું ના હોય..આપણે પોતાની મસ્તીમાં રંગત રહી શકીએ તો જગત જીવવા જેવું લાગતું હોય છે.અન્યના અભિપ્રાયો થકી આપણે જો જીવનપથ બદલ્યા કરીએ તો એ સફર ચોક્કસ ગૂંચવાડાભરી બની જાય.માણસ જો પોતાની સમજણમાં પારંગત રહે તો કદાચ એ શ્રેષ્ઠ સંકલ્પ બની શકે.

માનવીય લાગણીઓ અણમોલ હોય છે..કોઈ ને કોઈ પ્રસંગે આપણે એકબીજાના યાદ કરીએ કે શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરીએ ત્યારે એક નવી ઉર્જાનો સંચાર થતો હોય છે..માણસને આવું ગમતું હોય છે..ભૌતિક ચીજો કે આધુનિક સુખસગવડો થકી જ સુખની અનુભૂતિ થાય એવું નથી..માણસને મળતો નિર્વ્યાજ સ્નેહ એને જીવાડે છે..

બિનશરતી માનવસંબંધોની અનોખી હૂંફ હોય છે..હમણાં એક સંશોધન થકી એવું જાણવા મળ્યું કે જે લોકો લાંબુ આયુષ્ય ભોગવે છે એમાં મહત્વનું પરિબળ એને મળતો કુટુંબપ્રેમ કે માનવપ્રેમ હોય છે..એકબીજાને ઉમળકાથી મળતો માનવ એ સાક્ષાત માધવ હોય છે..આપણે એને ખોટી જગ્યાએ શોધતા રહીએ છીએ. માધવ ક્યાંય નથી મધુવનમાં. એ છલકાય છે એકમેકના મનમાં..

અનેક વૈભવોથી છલકાતાં શહેરોમાં માણસ એકાકીપણું અનુભવે છે. કયારેક ગુંગળાય છે..આપણી ગ્રામ સંસ્કૃતિમાં અનેક અભાવો વચ્ચે પણ માણસો લીલાછમ રહેતા..કેમકે એકબીજાને સહજ બોલાવવા કે લાગણી વ્યક્ત કરવી એ ગામડાઓમાં સ્વાભાવિક હતું..શહેરના આલીશાન બંગલામાં પરાણે પુરેલા વડિલો ગામડાના ગારમાટીના ઘરને યાદ કરતા હોય ત્યારે આપણને એમનો એ વલોપાત સમજાતો નથી..આપણે જયારે એવી નિર્દોષ લાગણીઓ ખુદ અનુભવીએ છીએ ત્યારે આપણે એનો એકરાર કરતા હોઈએ છીએ..દરેકને એક તાંતણે બાંધતું તત્વ એ પ્રેમ છે..નિસ્વાર્થ પ્રેમની તોલે આવે એવું કોઈ સુખ હજુ માનવજાતને મળ્યું નથી એ હકિકત છે..

# ગુજરાતનું પાણી જ એવું છે કે દરેક ગુજરાતીને ‘આમ’માંથી ‘ખાસ’ બનાવી દે છે

મે મહિનાના પહેલા દિવસ સાથે વિશ્વભરની અનેક ઘટનાઓની યાદો જોડાયેલી છે. ૧લી મે, ૧૮૯૭માં સ્વામી વિવેકાનંદજીએ કલકત્તા નજીક બારાનગરમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી. ૧લી મે, ૧૮૪૦માં બ્રિટનમાં પહેલ વહેલી ડાક ટિકીટ રીલીઝ થઈ હતી. પણ ગુજરાતી બાંધવો માટે ૧લી મે સાથે જોડાયેલી અનેક જાણી અજાણી ઘટનાઓમાં શીરમોર ઘટના એટલે ગરવા ગુજરાતનો સ્થાપના દિવસ. છેક ચાલુક્ય વંશથી ગુજરાતના ઈતિહાસની કડીઓ મળે છે. માણેકલાલ ઉતારે



ચક્રવર્તી ગુર્જરો પુસ્તકમાં કનૈયાલાલ મુનશી લખે છે કે, “જે પ્રદેશની સીમા આબુ આગળ હતી અને દક્ષિણે પહેલાં મહિને કાંઠે, પછી નર્મદાના તીરે ને ત્યારબાદ દમણગંગાના તટ પર આવીને અટકી એ પ્રદેશ ‘ગુજરાત’ નામે ઓળખાવા લાગ્યો.” ઈન્દુલાલ યાજ્ઞિક, રવિશંકર મહારાજ, વિદ્યાગૌરી નીલકંઠ જેવા આગોવાનોએ ઓગસ્ટ તા. ૮, ૧૯૫૬થી મહાગુજરાત આંદોલન છેડીને ચાર-ચાર વર્ષ સંઘર્ષમય અહિંસક લડત આપ્યા બાદ ૧લી મે, ૧૯૬૦ના રોજ સ્વતંત્ર ગુજરાત રાજ્યનો પરચમ લહેરાયો.

ગુજરાત એટલે ગરબા, ગુજરાત એટલે વેપાર, ગુજરાત એટલે સ્વાદ, ગુજરાત એટલે સાહસ, ગુજરાત એટલે સંસ્કાર, ગુજરાત એટલે સૌજન્ય, સંતો, શૂરવીરો અને સાહિત્યકારોની ભોમકા એટલે આપણું ગરવું ગુજરાત. વિશ્વનું સૌથી પહેલું ‘પ્યોર વેજ સબ-વે’ અને ‘ડોમીનોઝ’ ગુજરાતમાં ખુલ્યું હતું. વિશ્વના ૮૦ ટકા હિરા ઉદ્યોગના સુરતમાં પોલીશ થાય છે. દુનિયાનું સૌથી પહેલું ‘વેજ પીઝાહટ’ અમદાવાદમાં ખુલ્યું હતું. રિયાલન્સ, ટાટા, અદાણી, વિપ્રો, પારલે, અતુલ, પીડીલાઈટ, એશિયન પેઈન્ટસ, બાલાજી વેફર્સ આ બધી નેશનલ મલ્ટીનેશનલ જાયન્ટ બિઝનેસ કંપનીઓની શરૂઆત ગુજરાતીઓએ કે ગુજરાતમાં રહેવાવાળાઓએ કરી છે. ગુજરાતના પાણીમાં જ અદભુત તાકાત છે. ગુજરાતનુ પાણી અને આબોહવા જ એવી છે કે દરેક ગુજરાતીને આમમાંથી ખાસ બનાવી દે છે. ગુજરાતના હવા પાણીમાં ઉછરનારા બીઝનેસ ક્ષેત્રે કાઠુ કેમ કાઢી શકે છે ? ગુજરાતીઓના બીઝનેસ એટિટ્યૂડ માટે કેટલીક ઊડીને આંખે વળગે એવી વિશેષતાઓની નોંધ લેવી પડે. ગુજ્જુભાઈ હંમેશા ડેઈલી નીડ બેઝ બીઝનેસમાં જ ઝંપલાવે છે. માણસની રોજબરોજની જરૂરિયાત કેન્દ્રમાં રાખીને જ ગુજરાતી કોઈપણ વ્યવસાય શરૂ કરે છે. ગુજરાતી કોઈપણ ધંધામાં સંકોચ કે શરમ નથી અનુભવતા. એમનો મંત્ર હોય છે કે, નાનો હોય કે મોટો બીઝનેસ આખરે બીઝનેસ છે. ગુજરાતી પરિવારમાં બાળકોને બાળપણથી જ બાપદાદાના બીઝનેસની ગાદી ઉપર બેસવા માટેની સૂઝ અને સમજ ડેવલપ કરવામાં આવે છે.



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ગુજ્જુભાઈની એક વિશેષતા એ પણ છે, એ ગુજરાતી કલ્ચરથી અને ગુજરાતની ધરતીથી એ સતત જોડાયેલો રહે છે. દેશમાં હોય કે વિદેશમાં ગુજરાતીના પાપડ, અથાણાં, થેપલા, ઢોકળા, ગાંઠીયા અને ફાફડા એ ક્યારેય ભૂલતો નથી. સૌથી મોટી વાત એ છે કે, પ્રત્યેક ગુજરાતી જબરો હાર્ડવર્કર છે. સેન્સ ઓફ કોમ્યુનિટી ગુજરાતીઓની જબરી તાકાત છે. ૧લી મે ગુજરાત સ્થાપના દિવસના દિવસે જ માત્ર નહિં પરંતુ પ્રત્યેક ગુજરાતીના હૃદયમાં બારે માસ અને ચોવીસે કલાક આનંદ અને મસ્તીનો અબિલ-ગુલાલ ઉડતો રહે છે. ભારતના પશ્ચિમ કિનારે આવેલું સૌથી લાંબો ૧૬૦૦ કિલો મીટર જેટલો દરિયાકિનારો ધરાવતુ રાજય એટલે આપણુ ગરવુ ગુજરાત. દેશની કુલ નિકાસમાં ગુજરાત અગ્રેસર છે. દેશની કુલ જમીનના ૬ ટકા અને કુલ વસતીના માત્ર ૫ ટકા હિસ્સો ધરાવતુ હોવા છતા ઔદ્યોગિક રીતે સૌથી વધુ વિકસિત રાજયોમાંનું એક હોવાનું ગૌરવ ગુજરાતને પ્રાપ્ત થયું છે. આર્થિક અને ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ વધુ મજબૂત રીતે ગુજરાત ઉભરી આવ્યું છે. ગુજરાતની મૂડીરોકાણની આબોહવા અને ઉદ્યોગ ફ્રેંડલી નીતિઓએ તેને ઔદ્યોગિક ક્ષેત્રે વાઈબ્રન્ટ રાજય બનાવી દીધું છે. આજે લોજીસ્ટિક ઈન્ડેક્ષમાં ગુજરાત ટોપલાઈનર કહેવાય છે.

ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જીન એમનેમ નથી કહેવાતું. નીતિ આયોગ દ્વારા બહાર પાડવામાં આવતા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્ષમાં સતત બે વર્ષથી ગુજરાતે પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. સપ્ટેમ્બર-૨૦૨૨ની ઉપલબ્ધ માહિતી મુજબ દેશની કુલ નિકાસમા ગુજરાત ૩૨.૭૮ ટકા હિસા સાથે પ્રથમ સ્થાને છે. એક્સપોર્ટ પ્રીપેર્ડનેસ ઈન્ડેક્ષ-૨૦૨૧ની લોસ્ટલ કેટેગરીમાં ૭૮.૮૬ ટકાના સ્કોર સાથે ગુજરાત પ્રથમ ક્રમે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં પાંચ ટ્રિલિયન જીડીપીનું ભારતનું લક્ષ્ય હાંસલ કરાવવામાં ગુજરાતની ભૂમિકા અગત્યની બની રહેવાની છે. ગુજરાતે વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતના જીડીપીના ૮.૩૬ ટકાના હિસ્સાથી વધીને વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં લગભગ ૧૦ ટકા સુધી પહોંચવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ઑક્ટોબર-૨૦૧૯થી સપ્ટેમ્બર-૨૦૨૨ દરમિયાન, એફડીઆઈમાં ૧૮.૦ ટકા યોગદાન સાથે ગુજરાતે રૂા. ૨,૨૮,૮૩૩ કરોડની વિદેશી મૂડી રોકાણને આકર્ષિત કર્યું છે.

એન્યુઅલ સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ ૨૦૧૯-૨૦ના તારતમ્યો અનુસાર, ગુજરાતનુ કુલ ઉત્પાદન, સ્થાયી મૂડી અને ચોખ્ખી મૂલ્ય વૃધ્ધિમાં અનુક્રમે ૧૮.૨ ટકા, ૨૦.૬ ટકા અને ૧૫.૭ ટકાના હિસ્સા સાથે દેશમાં પ્રથમ છે. નેશનલ મેન્યુફેક્ચરિંગ જીડીપી ૨૦૨૦-૨૧માં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગુજરાતનો ફાળો સૌથી વધુ ૧૮.૭૪ ટકા છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ગુજરાત રાજયનું કુલ જીએસટી કલેક્શન રૂા. ૯૦૮૯૨ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩ (એપ્રિલ-૨૦૨૨-નવેમ્બર-૨૦૨૨)માં રૂા. ૭૧૨૪૩ કરોડ છે. પિરિયોડિક લેબર ફોર્સ સર્વેના વાર્ષિક અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૦-૨૧માં, ગુજરાતમાં, તમામ વય જૂથ માટે એલએફપીઆર ૪૪.૩ ટકા, તમામ વય જૂથ માટે ડબલ્યુપીઆર ૪૩.૩ ટકા અને તમામ વય જૂથ માટે બેરોજગારી દર ૨.૨ ટકા છે. આ ક્ષેત્રોમાં ભારતની ટકાવારી ૪૧.૬ ટકા, ૩૯.૮ ટકા અને ૪.૨ ટકા હતી. એક્સપોર્ટ પ્રીપેર્ડનેસ ઈન્ડેક્ષ ૨૦૨૧માં ૭૮.૮૬ના સ્કોર સાથે ગુજરાત સતત બીજા વર્ષે પ્રથમ સ્થાને છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ૨૦૨૦, બિઝનેસ રિફોર્મ્સ એક્શન પ્લાન, ૨૦૨૦માં ગુજરાત ટોપ અચીવર્સ કેટેગરીમાં આવે છે.

સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્ષમાં મોટા ૨૦ રાજયો પૈકી ગુજરાત વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૭.૫ સ્કોર સાથે બીજા ક્રમે છે. સ્ટેટ એનર્જી એન્ડ ક્લાઈમેટ ઈન્ડેક્ષના પ્રથમ રાઉન્ડ ૨૦૨૨માં ૫૦.૧ના સ્કોર સાથે ગુજરાત મોટા રાજયોની શ્રેણીમાં પ્રથમ ક્રમે છે. ડીપીઆઈઆઈટીના રેંકિંગ મુજબ, સ્ટાર્ટઅપ્સ માટે મજબૂત ઈકોસિસ્ટમ આપવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે. સ્ટાર્ટ-અપ રેંકિંગ ઓફ સ્ટેટસ-૨૦૨૧માં ગુજરાત શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રાજય તરીકે ઉભરી આવ્યું છે. એરંડાનાં ઉત્પાદનમાં ૮૧.૬૭ ટકા અને મગફળીના ઉત્પાદનમાં ૪૦.૩૫ ટકા હિસ્સા સાથે સમગ્ર ભારતમાં ગુજરાત નંબર વન છે. કપાસના ઉત્પાદનમાં ૨૦.૪૬ ટકા હિસ્સા સાથે વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતના તમામ રાજયોમાં ગુજરાતે બીજું સ્થાન મેળવ્યું છે. વર્ષ ૨૦૨૦-૨૧ના આંકડાઓ મુજબ ફળ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૮.૦ ટકા છે. સમગ્ર દેશમાં ગુજરાત દૂધ ઉત્પાદન અને ઉન ઉત્પાદનમાં ચોથું સૌથી મોટું રાજય છે. વર્ષ ૨૦૨૦-૨૧માં દેશના દૂધ ઉત્પાદનમાં ૭.૫૫ ટકાનો અને ઉનના ઉત્પાદનમાં ૫.૪૨ ટકાનો ફાળો રહ્યો છે.

ગુજરાત ૧૬૦૦ કિમીનો દરિયા કિનારો ધરાવે છે અને તેના કારણે ગુજરાત દરિયાઈ માછલી ઉત્પાદનમાં દેશમાં પ્રથમ ક્રમે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં દેશના દરિયાઈ મત્સ્ય ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૮.૮૧ ટકા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૪૦.૪૧ ટકા હિસ્સા સાથે ભારતના રાજયોમાં બંદરો દ્વારા કાર્ગોના સંચાલનમાં ગુજરાત પહેલું સૌથી મોટુ રાજય છે. વર્ષ ૨૦૨૦-૨૧માં, ગુજરાતના નાના બંદરો દ્વારા હેન્ડલ કરવામાં આવતા કાર્ગો સંચાલનમાં ૬૭.૧૩ ટકા હિસ્સો અને તમામ બંદરો દ્વારા સંચાલિત કરવામાં આવતા કાર્ગોમાં ૪૦.૪૧ ટકા હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાતની નિકાસ રૂા. ૯૪૫૭૯૬.૪૫ કરોડની રહી છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાત દેશની કુલ નિકાસમાં ૩૦.૦૬ ટકાના હિસ્સા સાથે પ્રથમ ક્રમે રહ્યું છે. ૩૧મી માર્ચ, ૨૦૨૨ના રોજ ગુજરાતમાં ૪૨૨૦૮ મેગાવોટ પાવરની સ્થાપિત ક્ષમતા સાથે ભારતના રાજયોમાં ગુજરાત બીજા ક્રમે છે.

આગામી સમયમાં ગુજરાતનો સિનારીયો કંઈક આવો હશે. તમામ ગામો વાઈફાઈથી સજ્જ હશે. રાજ્યના તમામ જળાશયો નર્મદાના નીરથી છલકાતા હશે. દરેક ગુજરાતીના ઘરની પાકી છત ઉપર રૂફટોપ સોલાર પેનલ લાગેલી હશે. મજબૂત રોડ નેટવર્કથી આખે આખુ રાજ્ય કનેકટેડ હશે. એર, રેલ અને રોડ કનેક્ટિવિટીથી રાજ્યના પ્રત્યેક વિસ્તાર વિકાસથી ધમધમતા હશે. દરેક શાળા, મહાશાળા, કોલેજોમાં અદ્યતન શૈક્ષણિક સવલતો દ્વારા કૌશલ્ય નિર્માણ થતું હશે. વંચિતો, ગરીબો, વનબંધુઓના પરિવારના બાળકો વૈશ્વિક રોજગાર-સ્વરોજગારના દ્વાર ખટખટાવતા ઉભા હશે. હર હાથ કો કામ ઔર હર ખેત કો પાનીનો મંત્ર સાકાર થયેલો જોવા મળશે અને ગુજરાતના ધરતીપુત્રોના મુખ ઉપર સંપન્નતાનુ સ્મિત હશે. શમણાની વાત નથી, આવતી કાલની આ નક્કર વાસ્તવિકતા છે. ગુજરાત હૃદયના ધબકારની ભૂમિ છે. પ્રત્યેક ગુજરાતી બાંધવોના હૃદયમાં ગુજરાતના સંસ્કાર, પડકાર અને વિકાસનો ધબકાર આદરપૂર્વક ઝીલાતો હોય છે.

**ધબકાર :**

**ગુજરાત એટલે એક જમીનના ટુકડા કરતાં ક્યાંય વધારે, સંસ્કાર અને સંસ્કૃતિ અને સમૃધ્ધિની બળુકી પહેચાન.**

# જો જો હો ! છછૂંદર જેવા છદ્મવેશીઓથી સાવધાન રહેવા જેવું છે

’ઉપયોગમાં આવવું’ અને ’ઉપયોગ થઈ જવો’, આ બંને તદ્દન ભિન્ન ઘટનાઓ છે.આપણા સમાજમાં ઘણા સજ્જનો ગાંઠનું ગોપીચંદન ઘસીને પણ કશી જ અપેક્ષા વગર બીજાને ખપ પડ્યે કામ લાગે છે. અણીના સમયે કામ લાગે છે. ચારે બાજુથી ભીંસ આવી પડી હોય,અને બીજો કોઈ માર્ગ જ ન સૂઝતો હોય,ત્યારે કોઈ ભગવાનનો માણસ પડખે ઊભો રહે એ ચમત્કાર જેવું જ લાગે છે.

જ્યારે બીજી એવી પરિસ્થિતિની વાત છે,જેમાં આપણને ખબર પણ ન પડે તેમ આપણો ઉપયોગ થઈ જતો હોય છે. કંઈ કેટલીય નવી નવી પેઢીઓની શરુઆત ખૂબ જ નાના પાયે થતી હોય છે, જેમાં આરંભના કર્મચારીઓ પોતાપણું સમજીને દિવસ-રાત એક કરીને લોહીનું પાણી કરી નાખીને ઉપર લાવે છે. જોવાની ખૂબી એ છે કે,પેઢી સંચાલકો પણ જ્યાં સુધી કામ હોય ત્યાં સુધી ચાંદ-તારા દેખાડી દેખાડીને જે તે નિષ્ઠાવાન પ્રામાણિક પરિશ્રમી કર્મચારીનો ઉપયોગ કરે રાખે છે,અને પછી ’જેવી ગરજ સરી કે વૈદ વેરી’ પોતાનુ કામ પુરું થાય કે તુરંત જ ’હું’ કોણ અને ’તું’ કોણ જેવા ઘાટ ઘડાય જાય છે.

અને પછી મૂઢની જેમ કે ભોળાભાવે સ્વાર્પણથી કરેલી સેવાનું અવમૂલ્યન થતું જોઈને તે સમયની જે ટીસ પેલા પરગજુ માણસના હૃદયમાંથી ઊઠે છે,તે ટીસનો અવાજ ભલે ન આવે પણ તે ભલભલા કાળજા કંપાવી દેવા બરાબર છે.

કામ કઢાવી લેવામાં અને ઉપયોગ કરી લેવામાં આ દુનિયાના લોકોનો જોટો જડે તેમ નથી.

’છછૂંદર’ જેવા છદ્મવેશી હિતૈષીઓથી તો ભગવાન બચાવે! છછૂંદરનો ગુણધર્મ છે કે- ફૂંક મારતું જાય અને બટકુ ભરતું જાય.ફૂક મારતુ જાય અને કરડતું જાય. માટે આવા છછૂંદર જેવા લોકોથી તો ઈશ્વર બચાવે! ઉપયોગ કરી લેવામાં કાબિલ એવા આ છછૂંદર જેવા લોકો વાસ્તવમાં સમાજનું ઘણું મોટું અહિત કરી નાખતા હોય છે.


કોઈ સમાજસેવી સંસ્થા હોય, કોઈ ટ્રસ્ટ હોય, મંડળ ચાલતું હોય,આ દરેક જગ્યાએ કામ કરવાવાળા કોઈ અને દેખાવ કરવાવાળા બીજા હોય છે. દોડી દોડીને પોતાના તન-મન-ધન હોમી દઈને કાર્યક્રમોને, મંડળને, સંસ્થાને ચલાવવા માટે રાત-દિવસ એક કરી દેનારા ઊપયોગાઈ ગયેલા પરિશ્રમી લોકો ખરા પ્રસંગે સાઈડલાઈન કરી દેવાતા હોય છે.

’ઉપયોગી થવું’ ’નેકી કર દરિયા મે ડાલ’ જેવા અગણિત અવતરણ આપણાં સાહિત્યમાં છે, તે માન્યું પરંતુ વાંધો ઉપયોગ કરી લેવાવાળા દંભી અને તકવાદી લોકો પરત્વે છે. ’આઘા રહેવું અને બાઘા રહેવું’ એવા સિદ્ધાન્ત સાથે કામચોરી કરનારા લોકો માટે વધુ ગુસ્સો અને ઘૃણા ત્યારે આવે છે, જ્યારે શેક્યો પાપડ પણ ન તોડ્યો હોય અને કામનો બધો જશ પોતે લઈ જાય.

આપણી સ્વતન્ત્રતાની વેદીમાં અઢળક લોકો ખપી ગયા. જ્યારે તે વખતના જુવાળ વિશે વાંચીએ ત્યારે ખબર પડે કે, બરાબર ઉપયોગમાં લઈ લીધા પછી આજે તો કોઈ બીજા જ આઝાદી મેળવવાનો જશ ખાટી રહ્યું છે.

અરે! સામાજિક સંસ્થાઓ કે તેવા ત્રાહિત સંગઠનોની ક્યાં વાત કરવી .... ઘમાં પણ જ્યારે ઉપયોગ કરી જવાવાળા તકવાદીઓ મળી જાય ત્યારે આપણે અવાચક બની જઈએ છીએ.

’જમવામાં જગલો અને કૂટાવામાં ભગલો’ આ બધી કહેવતો કંઈ એમ ને એમ નહીં બની હોય! પરિવાર વિશાળ હોય પણ આપણે બધાએ ક્યાંક ને ક્યાંક જોયું હશે કે દરેક ઘરમાં આવા જગલાં અને ભગલાં હોય જ છે.



વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

અરે! વડીના પાપડ તો અમારી વહુ જ સરસ બનાવે હો! અરે કાતરી તો અમારી વહુ જ સારી બનાવે હો! વારે-તહેવારે પ્રસંગે પરિવારનો જમાવડો થવાનો હોય ત્યારે તો આખું રસોડું જ વહુને સંભાળી લેવાનુ. અને પછી સીધા ભાણે જમવા પધારતી બીજી વહુઓ રસોડામાંથી ડ્રોઈંગરુમ સુધી માત્ર વાનગીઓ પીરસવામાં હાજર રહે..આવી શાણી વહુઓ જઈ જઈને જશ ખાટી જાય અને પેલી બિચારી પરસેવે નીતરતી રસોડામાં જ પડી રહે..

આવું જ ભાઈઓ વચ્ચે પણ થતું હોય છે. એક ભાઈ ખડા પગે દોડા-દોડ કરતો ઘસાઈ રહેતો હોય પણ, બહારગામ રહેતો અથવા માત્ર અતિથિની જેમ જ હાજર થતો ખરા દેખાડાના સમયે જ આવીને બદો જશ ખાટી જાય છે, અને વાંધો એ છે કે આ બધી રમત નિહાળતા વડીલો પણ ’ટેકન ફોર ગ્રાન્ટેડ’ કરીને ઉપયોગ થઈ જનારાનો પક્ષ અણદેખ્યો કરીને ચૂપ બેસી રહે છે.

ખૂબ સાદી અને સરળ લાગતી આ વાતમાં કોઈ મોટી મોટી અઘરી ફિલોસોફી નથી, પણા આપણે બધાએ ક્યારેક ને ક્યારેક આવો ઉપયોગ થઈ જવા જેવો અનુભવ ચોક્કસ કર્યો જ હશે..માટે જ આપણા ગઝલકાર અમૃત’ઘાયલ’ કહે છે કે-

હું નહોતો આમ દરવાજો છતાં,
ખૂબ વાસ્યો છે ઉઘાડ્યો છે મને !
બહુ બૂરી રીતે ફિટાડ્યો છે મને,
ભર સભામાંથી ઉઠાડ્યો છે મને
સ્થિર થવા દિધો નથી કોઈ સ્થળે
જયાં ગયો ત્યાંથી ભગાડ્યો છે મને !

- અમૃત’ઘાયલ’

હું નહોતો આમ દરવાજો છતાં,ખૂબ વાસ્યો છે ઉઘાડ્યો છે મને !- પરાકાષ્ટા આવી જાય તે હદ સુધી કોઈ આપણને વાપરે જ રાખે વાપરે જ રાખે,ત્યારે આપણે તોબા પોકારી ઉઠીએ છીએ..અને પછી બંને હાથ કાન ઉપર મૂકીને માથું આકાશ તરફ કરીને બરાડી ઉઠીએ છીએ- ’ બસ! હવે બહું થયું....’ આ ભાવ આવી ગયા પછી કદાચ આપણો કોઈ ઉપયોગ કરી લેવામાં સફળ નથી થતુ, પરંતુ અણીના સમયે કોઈને ઉપયોગી થવાનો સ્વભાવ પણ કુંઠિત થઈ જાય છે. સૂકા ભેગુ લીલું બળે તેમ...સારાઈની ભાવના પણ નામશેષ થઈ જાય છે.

હજારો વખત આપણે સ્વયં જાણતા હોઈએ છીએ કે આપણો ઉપયોગ થઈ રહ્યો છે,પણ આપણી ભલમનસાઈ કે આપણી મજબૂરી ને લીધે આપણે સામેવાળાની કુચેષ્ટાને સહે રાખીએ છીએ.પણ જે દિવસે પાણી નાકથી ઉપર ગયું એટલે.....

- jayuoza@gmail.com,
Mo.9898046488

# જયારે જયારે આયોજનપૂર્વક, ગણતરી સાથે કામ થાય છે, ત્યારે ત્યારે એના પરિણામે સફળતાના દીવડા પ્રગટે છે અને અજવાળા ફેલાય છે

એક રવિવારે સાંજે એક ઘરે થોડા દોસ્તો જમવા ભેગા થાય છે. સહુ પારિવારિક છે એટલે અન્ય મહિલાઓએ કહ્યું કે ‘લાવો બધુ સાથે મળી વાણસ સાફ કરી અને રસોડામાં ગોઠવી દઈએ....’ પરંતુ યજમાન સ્ત્રીએ પૂર્ણ આતિથ્યભાવથી કહ્યું કે, ‘ના, ના, કામવાળા બહેન આવે જ છે રહેવા દો...... ’ ને બીજે દિવસે સવારે કામ માટે આવનાર બહેને ફોન કરી કહ્યું કે, ‘આજે મારે બીમારી આવી ગઈ છે, નહિ આવું.....!!!’

એક બીજા કિસ્સામાં એક કોલમ લેખકને એમના મેગેઝીનના તંત્રી ઘણીવાર પ્રેમપૂર્વક કહે કે ‘તમે લેખ બે દિવસ પહેલા આપો અથવા ત્રણ-ચાર લેખની એક બેન્ક ઊભી કરી દો તો સારું....’ પેલા લેખક પણ એવું જ ઈચ્છતા હતા એટલે બધું કરવામાં કયારેક સફળ થાય પરંતુ મોટા ભાગે બેન્ક ઊભી ના કરી શકે.... પછી કયાંક પ્રવાસમાં અચાનક જવાનું થાય કે અચાનક બીમાર પડે એટલે ‘સોરી ભાઈ, આ અઠવાડિયે લેખ નહિ આપી શકું, ક્ષમા કરશો....’ કહેવું પડે...

એક ભાઈને ઓફિસમાં એમના ભાગે આવતું કામ સાંજ પડે જ પૂરું કરવાની આદત... એ પાછળ એક હેતુ એવો પણ ખરો કે, કોઈ નવું કામ આવે નહિ. પરંતુ અચાનક અંગત કામ આવી ચડે પછી ધાંધા થાય, કામમાં વેઠ ઉતારે અથવા બીજાને સોંપે.

આ અને આવા અનેક કિસ્સાઓ આપણે જીવીએ છીએ, આપણી આસપાસ પણ જીવાય છે. આગોતરા પ્લાનીંગ કરતા નથી, આગ લાગે ત્યારે પાણી ગોતવા નીકળીએ છીએ અને પરિણામે કાં તો સ્ટ્રેસ આવે છે અથવા કામમાં અધૂરી સફળતા અથવા નિષ્ફળતા આવે છે.

આવું ન થાય એ માટે વડિલો કહેયા હોય છે કે એક અઠવાડિયાનું, એક મહિનાનું પ્લાનીંગ કરવું અને સમય કરતાં એ મુજબ કામ પૂરું કરવું. આમ કરવાથી આપણી શક્તિનો ઉપયોગ થાય છે, શક્તિ વેડફાતી નથી, સહજપણે, આનંદ સાથે કામ પૂરું થાય છે.

મૂળમાં આજનું કામ તો આજે કરીએ પરંતુ આવનારા દિવસોના કામ પણ બને તેટલા વહેલા, કોર્પોરેટ ભાષામાં કહીએ તો ડેડલાઈન આવે તે પહેલા પૂરા કરીએ તો ડેડલાઈટ આવે તે પહેલા પૂરા કરીએ તો કામનો આનંદ મળે છે, નહિતર પછીથી ‘ગનપોઈન્ટ’ પર કામ કરવા પડે છે જે તાણ લાવે છે, ગુસ્સો ને વિસંવાદિતા લાવે છે.



અજવાળું - અજવાળું
તુષાર જોશી

ધીમે ધીમે પરંતુ નિયમિતરૂપે બેન્કમાં પૈસા બચતરુપે જમા કરાવ્યા હશે તો એક સાથે જરૂર પડે ઉપયોગ થઈ શકશે, જમા જ નહિ કરાવ્યા હોય તો શું ? કોઈ પણ પ્લાનીંગમાં શક્ય હોય ત્યાં સુધી આગોતરા આયોજન કર્યા હશે તો આપણને જ ફાયદો થવાનો છે.

ટેક્સ ભરવાના હોય, મેન્ટેનન્સ ભરવાના હોય ક્રેડીટ કાર્ડની રકમ ભરવાની હોય, કે કારમા પેટ્રોલ ભરાવવાનું હોય.... આવા ઘણા કામો છે જેમાં સમયે સમયે નિર્ણય લઈને અમલીકરણ કરીએ તો પછી ભૂલી જવાનું જવાનું એવું નથી. દંડની રકમ ભરવી પડતી નથી.

કેટલાક લોકો હોય છે જે મોટાભાગે લાસ્ટ મિનિટના જ કામો કરે છે અને સફળ પણ થાય છે, પરંતુ આવું બધાને અનુકૂળ ન આવે અથવા કયારેક જ આવે. આ સંજોગોમાં જે પ્લાનીંગ સાથે ચાલ્યા હોઈએ તો એ કમસેકમ હેરાન ઓછા થઈએ.

જયારે જયારે આયોજન પૂર્વક, ગણતરી સાથે, કામ થાય છે , ત્યારે ત્યારે એના પરિણામે સફળતાના દીવડા પ્રગટે છે અને અજવાળા ફેલાય છે.